પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઈ, ૨૦૨૨, રવિવાર; અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં મફતની રેવડી વહેંચીને મત મેળવવાનો પ્રયાસ થાય છે : મોદી

**વડાપ્રધાને બુંદેલખંડ એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું : આ રેવડી કલ્ચર દેશના વિકાસ માટે ઘણું જ ઘાતક, આ કલ્ચરવાળા તમારા માટે ક્યારેય નવા એક્સપ્રેસ વે બનાવશે નહીં : વડાપ્રધાનના આકરા પ્રહાર**





નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બુંદેલખંડ એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું છે. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, આપણા દેશમાં મફતની રેવડી વહેંચીને વોટ મેળવવાનું કલ્ચર લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ રેવડી કલ્ચર દેશના વિકાસ માટે ઘણું જ ઘાતક છે. આ રેવડી કલ્ચરથી દેશના લોકોએ સાવધ રહેવાની જરૂર છે. રેવડી કલ્ચરવાળા તમારા માટે ક્યારેય નવા એક્સપ્રેસ વે બનાવશે નહીં, નવા એરપોર્ટ કે ડિફેન્સ કોરિડોર નહીં બનાવે. રેવડી કલ્ચરવાળાઓને લાગે છે કે જનતા જનાર્દનને મફતની રેવડી વહેંચીને તેમને ખરીદી લેશે. આપણે સાથે મળીને આ વિચારધારને હરાવવાની છે, રેવડી કલ્ચરને દેશની રાજનીતિથી હટાવવાની છે.

ઉત્તર પ્રદેશના વિકાસ અંગે બોલતા તેમણે કહ્યું હતું કે, જે ઉત્તર પ્રદેશમાં સરયુ નહેર પરિયોજનાને પૂરા થવામાં ૪૦ વર્ષ લાગ્યા, જે યુપીમાં ગોરખપુર ફર્ટિલાઈઝર પ્લાન્ટ ૩૦ વર્ષથી બંધ પડ્યો હતો, જે યુપીમાં અર્જુન ડેમ પરિયોજનાને પૂરા થવામાં ૧૨ વર્ષ લાગ્યા, જે યુપીમાં અમેઠી રાયફલ કારખાનું ફક્ત એક બોર્ડ લગાવીને પડી રહ્યું હતું, જે યુપીમાં રાયબરેલી રેલ કોચ ફેક્ટરી ફક્ત ડબ્બાને રંગવાનું કામ કરી રહી હતી, તે યુપીમાં હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર એટલું ગંભીરતાથી કામ થઈ રહ્યું છે કે તેણે સારા-સારા રાજ્યોને પાછળ રાખી દીધા છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, જે ધરતી પર અગણિત શૂરવીરો જન્મ્યા. જ્યાંના લોહીમાં ભારતભક્તિ વહે છે. જ્યાં દીકરા-દીકરીઓના પરાક્રમ અને પરિશ્રમે હંમેશા દેશનું નામ રોશન કર્યું છે. તે બુંદેલખંડની ધરતીને આજે એક્સપ્રેસ વેની આ ભેંટ આપીને મને ખુશી થઈ રહી છે. હું બુંદેલખંડના લોકોને અભિનંદન પાઠવું છું. બુંદેલખંડ એક્સપ્રેસ વેથી ચિત્રકૂટથી દિલ્હીનું અંતર ત્રણથી ચાર કલાક ઓછું થઈ ગયું છે. પરંતુ તેના લાભ તેનાથી પણ વધારે છે. આ એક્સપ્રેસ વે ફક્ત વાહનોને જ ગતિ નહીં આપે પરંતુ સમગ્ર બુંદેલખંડની ઔદ્યોગિક પ્રગતિને ગતિ આપશે.

## બાળકોને મફત-સારું શિક્ષણ આપવું તેને મફતમાં રેવડી વિતરણ ન કહેવાય

નવી દિલ્હી, તા.૧૬

આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે તણાવ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શનિવારના દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધતા કહ્યું હતું કે, ચૂંટણી પહેલા સરકાર દ્વારા 'ફ્રીમાં રેવડી' વહેંચવામાં આવી રહી છે. હવે સીએમ કેજરીવાલે પીએમ મોદીના આ નિવેદન પર પલટવાર કરતા કહ્યું કે, આપણા દેશમાં બાળકોને મફત અને સારું શિક્ષણ આપવું અને લોકોને સારી અને મફત સારવાર આપવી- તેને મફતમાં રેવડી વિતરણ ન કહેવાય. અમે એક વિકસિત અને ગૌરવશાળી ભારતનો પાયો નાખી રહ્યા છીએ. આ કામ ૭૫ વર્ષ પહેલા થઈ જવું જોઈતું હતું.

## જગદીપ ધનખડ હશે NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર

નવી દિલ્હી, તા.૧૬



આગામી ૧૦મી ઓગસ્ટે યોજાનાર ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે પશ્ચિમ બંગાળના ગવર્નર અને સુપ્રીમ કોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી જગદીપ ધનખડ એનડીએના ઉમેદવાર તરીકે જાહેર કરાયા છે. જગદીપ ધનખડ પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થા તથા વૈધાનિક વ્યવસ્થામાં મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે કાયદાકીય રીતે તીવ્ર નિર્ણય કરવામાં જાણીતા રહ્યા છે.

દિલ્હીમાં ભાજપની સંસદીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, નિતિન ગઠકરી, રાજનાથ સિંહ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષ અને મધ્ય પ્રદેશના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ હાજર રહ્યા હતા. બેઠક બાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, બેઠકમાં એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને ચર્ચા કરવામાં આવી છે. ઘણા નામો પર વિચાર કર્યા બાદ અમે નિર્ણય કર્યો છે કે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જગદીપ ધનખડ હશે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૦૪૪ નવા કેસ નોંધાયા

**ભારત બનાવશે ૨૦૦ કરોડ વેક્સિન ડોઝનો રેકોર્ડ : ૧૮,૩૦૧ સંક્રમિતો સાજા થયા : એક્ટિવ કેસ ૧.૪૦ લાખને પાર થયા : દૈનિક પોઝિટિવિટી રેટ ૪.૮૦ ટકા**

નવી દિલ્હી, તા.૧૬

ભારતે કોરોના રસીકરણમાં મોટો રેકોર્ડ બનાવશે. દેશમાં રસીકરણનો આંકડો ૨૦૦ કરોડ નજીક પહોંચવા આવ્યો છે. ભારતમાં ૧૫મી જૂલાઈથી કોરોનાનો બૂસ્ટર ડોઝ મફત આપવાની શરૂઆત થઈ છે.. પહેલા બૂસ્ટર ડોઝ માટે પૈસા ખર્ચવા પડતા હતા, પરંતુ આઝાદીના અમૃત પર્વના અવસર પર મોદી સરકારે આગામી ૭૫ દિવસ સુધી મફતમાં કોરોનાનો બુસ્ટર ડોઝ આપવાની જાહેરાત કરી હતી. થોડા દિવસો પહેલા પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પછી પીએમ મોદીએ પોતે ટ્વીટ કરીને કહ્યું હતું કે રસી એ કોરોના સામેની લડાઈ છે. આ નિર્ણયથી ભારતની રસીકરણ અભિયાનને આગળ વધારવા માટે મદદ કરશે. દેશમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૦૪૪ નવા કેસ નોંધાયા છે.

## ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજીનગર કરવાને મંજૂરી

**ઉદ્ધવના છેલ્લી ઘડીના નિર્ણયને શિંદે સરકારે મંજૂર રાખ્યો : આ ઉપરાંત કેબિનેટે મુંબઈ એરપોર્ટનું નામ ડીબી પાટિલ કરવાના નિર્ણય પર પણ મંજુરીની મહોર લગાવી**

મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્રની શિંદે સરકારે ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજીનગર અને ઉસ્માનાબાદનું નામ ધારાશિવ કરવાના ઉદ્ધવ સરકારના નિર્ણયને મંજૂરી આપી છે. આ ઉપરાંત કેબિનેટે મુંબઈ એરપોર્ટનું નામ ડીબી પાટિલ કરવાના નિર્ણય પર પણ મહોર લગાવી છે. મુખ્યમંત્રી એકનાથ શિંદે અને ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે, ઉદ્ધવ ઠાકરેએ પોતાની છેલ્લી કેબિનેટ બેઠકમાં આ શહેરોનું નામ બદલ્યું હતું. જો કે, તેમનો આ નિર્ણય ગેરકાયદેસર હતો એટલા માટે એક વખત ફરીથી બંને શહેરો અને એરપોર્ટનું નામ બદલવામાં આવ્યું છે.

રાજકીય સંકટ સમયે પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેએ પોતાની છેલ્લી કેબિનેટ બેઠકમાં આ શહેરોના નામ બદલવાનો નિર્ણય કર્યો હતો. જો કે, તેમના નિર્ણય પછી રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ ઉદ્ધવ ઠાકરેને પત્ર લખીને કહ્યું હતું કે, સરકાર લઘુમતીમાં છે તેથી તે લોકપ્રિય નિર્ણયો નહીં લઈ શકે. આ અગાઉ રાજ્યના ઉપ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ ઉદ્ધવ સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, બંને શહેરોનું નામ બદલવાનો નિર્ણય અમાન્ય હતો કારણ કે, સરાકરના બહુમત પરીક્ષણનો નિર્ણય લેવાઈ ચુક્યો છે. વધુમાં એમએમઆરડીએને ૬૦ હજાર કરોડની લોન એકત્ર કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. તેમજ પ્રથમ તબક્કામાં સરકાર ૧૨ હજાર કરોડની રકમની ગેરંટી આપશે.

## પહેલાં જ દિવસે દેશમાં ૧૩ લાખ ૩૦ હજારે ડોઝ લીધા

**બૂસ્ટર ડોઝ લગાવવા ૭૫ દિવસનું ફ્રી અભિયાન : ૧૦ એપ્રિલથી બુસ્ટર ડોઝ ઉપલબ્ધ હોવાથી દરરોજ સરેરાશ ૮૧ હજાર ડોઝ બુસ્ટર ડોઝ આપવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૧૬

શુક્રવારથી દેશમાં ફ્રી બૂસ્ટર ડોઝનું ૭૫ દિવસનું અભિયાન શરૂ થયું છે. પ્રચારના પ્રથમ દિવસે જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે ૧૩ લાખ ૩૦ હજાર લોકોએ બૂસ્ટર ડોઝ લીધો હતો. આ રીતે, પહેલા જ દિવસે બૂસ્ટર ડોઝ લેનારા લોકોની સંખ્યામાં ૧૬ ગણો વધારો થયો હતો.



અગાઉ ગુરુવાર સુધીમાં દેશમાં માત્ર ૭૮ લાખ લોકોએ જ બૂસ્ટર ડોઝ લીધો હતો. ૧૦ એપ્રિલથી બુસ્ટર ડોઝ ઉપલબ્ધ હોવાથી દરરોજ સરેરાશ ૮૧ હજાર ડોઝ બુસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે ૧૮ થી ૫૯ વર્ષની વયજૂથમાં બૂસ્ટર ડોઝ લેનારા લોકોની સંખ્યા ૯૦ લાખને વટાવી ગઈ છે. તે જ સમયે, ૬૦ વર્ષથી વધુ ઉંમરના ૨.૭૮ કરોડ લોકોએ પણ બૂસ્ટર ડોઝ લીધા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ શુક્રવારે નિર્માણ ભવન ખાતે રસીકરણ શિબિરમાં 'કોવિડ રસીકરણ અમૃત મહોત્સવ'ની શરૂઆત કરી. કેમ્પની બહાર ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ બુસ્ટર ડોઝ લેવા માટે લાઈનોમાં ઉભા જોવા મળ્યા હતા. એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૮ થી ૫૯ વર્ષની વયની ૭૭.૧૦ કરોડ પાત્ર વસ્તીમાંથી એક ટકા કરતા પણ ઓછાને બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના ૧૬.૮૦ કરોડ લોકોએ અને ૨૫.૮૪ ટકા આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટલાઈન વર્કરોએ બૂસ્ટર ડોઝ લીધા છે.

## ઝારખંડમાં ગરીબ પરિવારોને દર મહિને ૧૦૦ યુનિટ મફત વીજળી

**દર મહિને એક રૂપિયે કિલો ચણાદાળ : જૂની પેન્શન યોજના લાગૂ કરવા માટે વિકાસ આયુક્તની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧૬

ઝારખંડની કેબિનેટે રાજ્યમાં જૂની પેન્શન યોજનાને કેટલીક શરતો સાથે લાગૂ કરવા સાથે ગરીબ પરિવારોને દર મહિને ૧૦૦ યુનિટ મફત વીજળી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એક અધિકારીએ જણાવ્યું કે જૂની પેન્શન યોજના લાગૂ કરવા માટે વિકાસ આયુક્તની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. મંત્રીમંડળ સચિવ વંદના દાદેલે અહીં પત્રકારોને કહ્યું કે આ સમિતિ યોજના લાગૂ કરવા માટે એક જીં નો ડ્રાફ્ટ તૈયાર કરશે. જેને મંજૂરી માટે મંત્રીમંડળમાં મોકલવામાં આવશે. જૂની પેન્શન યોજનાને એક એપ્રિલ ૨૦૦૪ના રોજ બંધ કરાઈ હતી. અને તેને રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ સાથે બદલી દેવાઈ હતી. આ ઉપરાંત મંત્રીમંડળે ગરીબો માટે ૧૦૦ યુનિટ મફત વીજળીના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. સરકારે ૨૦૨૨-૨૩ના બજેટમાં તેની જાહેરાત કરી હતી. દાદેલે કહ્યું કે તેનો લાભ ૧૦૦ યુનિટ સુધી વીજળીનો ઉપયોગ કરવા પર લાગૂ થશે. ત્યારબાદ અલગ અલગ સ્લેબ લાગૂ થશે. મંત્રીમંડળે કુલ ૫૫ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. જેમાં ફૂડ સિક્યુરિટી સ્કીમ હેઠળ આવનારા દરેક પરિવારને પ્રતિ માસ એક રૂપિયે કિલો ચણાની દાળ ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ પણ સામેલ હતો. કેબિનેટે આ સાથે મનરેગા મજૂરી હેઠળ ૨૭ રૂપિયા વધુ આપવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. આ નિર્ણય બાદ હવે ઝારખંડમાં મનરેગા મજૂરને હવે ન્યૂનતમ ૨૩૭ રૂપિયા મજૂરી આપશે. જ્યારે રાજ્યમાં ખાનગી ક્ષેત્રમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારના નિયમોને પણ મંજૂરી આપી. કાયદા મુજબ ખાનગી કંપનીઓને રોજગારમાં સ્થાનિક લોકોને ૭૫ ટકા અનામત આપવાની હોય છે. નોંધનીય છે કે ઝારખંડ જૂની પેન્શન યોજના લાગૂ કરવાની જાહેરાત કરનારું ત્રીજુ રાજ્ય બન્યું છે.

## હવે તાવ નથી કોરોનાનું સૌથી સામાન્ય લક્ષણ : સ્ટડી

**હજારો લોકો પર કરવામાં આવેલી સ્ટડીના આંકડા અનુસાર ગળામાં ખારાશ હવે કોરોનાનો સૌથી મહત્વનો લક્ષણ બની ગયો છે**

નવી દિલ્હી,તા.૧૬

કોવિડ-૧૯ના લક્ષણોમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. નવી સ્ટડી પ્રમાણે હવે તાવ કોવિડનો સૌથી સામાન્ય લક્ષણ નથી પરંતુ ગળામાં ખારાશ છે. આશરે ૧૭૫૦૦ લોકો પર કરવામાં આવેલા સ્ટડીના આંકડા અનુસાર ગળામાં ખારાશ હવે કોવિડ-૧૯ નું સૌથી પહેલું લક્ષણ બની ગયું છે. જોય કોવિડ અધ્યયન અનુસાર ત્યારબાદ માથાનો દુખાવો અને નાક બંધ થવુના લક્ષણ સૌથી વધુ જોવા મળી રહ્યાં છે. કોરોના મહામારીની શરૂઆતમાં તાવ હોવો કે ગંધની કમી જેવા લક્ષણ, વાયરસના સૌથી સામાન્ય લક્ષણ મનાતા હતા. હવે આ લક્ષણ સૌથી ઓછા રિપોર્ટ કરવામાં આવ્યા છે. નવા આંકડા અનુસાર કોઈ વ્યક્તિમાં કોરોનાની ઓળખ કરવા માટે ગળામાં ખારાશ હવે મુખ્ય લક્ષણ બની ગયું છે. આ સ્ટડીમાં શરદી, કર્કશ અવાજ, છીંક, થાક અને માંસપેશીઓમાં દુખાવાને પણ સામાન્ય લક્ષણના રૂપમાં જણાવવામાં આવ્યા છે. જોય હેલ્થ સ્ટડીના સહ-સંસ્થાપક અને મુખ્ય વૈજ્ઞાનિક પ્રોફેસર ટિમ સ્પેક્ટરે કહ્યુ કે વાયરસ વસ્તીમાં હવે મોટા પાયે છે. તેમણે કહ્યું કે જો તમને આ સમયે કોઈ શરદી જેવા લક્ષણ છે, તો તે ઠંડીના રૂપમાં કોવિડની સંભાવના છે. તેમણે કહ્યું કે ઘણા કોવિડ સહ-વેરિએન્ટ હજુ પણ અસ્તિત્વમાં છે, જેમ કે ઓમિક્રોન, વેરિએન્ટ BA.2, BA.4 અને BA.5 વગેરે. પહેલા સંક્રમિત થનારા લોકોને પણ તે ફરી તેની ઝપેટમાં લઈ શકે છે. તો ડબ્લ્યૂએચઓના વિશેષ દૂત ડો. ડેવિડ નાબરોએ કહ્યુ કે કોવિડ-૧૯ સતત વિકસિત થઈ રહ્યો છે અને ખુબ ચાલાક થઈ રહ્યો છે.

DJ
DIAMOND
9898318815

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

કચ્છની ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)
કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

જોઈએ છે
એફ.એમ.સી.જી. લાઈનના અનુભવી વ્યક્તિ જે સેલ્સમેન તરીકે ગાંધીનગર અને આજુબાજુના ૬૦ કિલોમીટરના એરિયામાં દુકાને-દુકાને ફરીને ઓર્ડર લઈ શકે તેવા સેલ્સમેનની જરૂર છે.
● અનુભવી + બીનઅનુભવી ●
પગાર ધોરણ : ૧૦,૦૦૦/- + પેટ્રોલ એલાઉન્સ
અનુભવીને લાયકાત મુજબ + ટુ વ્હીલર ફરજીયાત અને એન્ડ્રોઈડ મોબાઈલ ફરજીયાત
સંપર્ક : ૭૬૯૮૫૨૭૨૦૯, ૯૪૨૭૬૨૩૪૪૭, ૯૯૭૮૬૧૯૮૬૭

મકાન જોઈએ છે
સેક્ટર-૨૪, ગાંધીનગર હાઉસીંગમાં ડબલ ડેકર વેચાણથી.
(દલોલાએ તસ્દી લેવી નહી)
મો ૯૯૭૯૨ ૨૮૯૮૯

મેડીકલ / એન્જિનીયરીંગ કોલેજીસ ખૂલે તે પહેલા...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન
₹30*/ 500 mL
અમૂલ ગોલ્ડ




Amul
The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57